પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૪૮ | ૨ માર્ચ, ૨૦૨૩,ગુરૂવાર; ફાગણ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

ઘરેલુ ગેસ સિલિન્ડરમાં રૂ. ૫૦નો વધારો

૧ માર્ચે ઘરેલુ અને કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ક્રમશઃ રૂ.૫૦ અને રૂ. ૩૫૦નો તોતિંગ વધારો : ઘરેલુ ગેસ સિલિન્ડરનો ભાવ વધતા ગૃહિણીઓને રોવાનો વારો આવ્યો : ભારતમાં એલપીજીની કિંમત સરકારી ઓઈલ કંપનીઓ દ્વારા માસિક ધોરણે નક્કી કરવામાં આવે છે અને તેમાં ફેરફાર થઈ શકે છે

નવી દિલ્હી, તા.૧

૧ માર્ચે ઘરેલુ અને કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ક્રમશઃ રુ.૫૦ અને રુ. ૩૫૦નો તોતિંગ વધારો કરવામાં આવ્યો છે. બીજી તરફ, હવાઈ મુસાફરી ખર્ચમાં ઘટાડો થઈ શકે છે કારણ કે એવિએશન ટર્બાઈન ફ્યુઅલના ભાવ દિલ્હીમાં ૧.૧૨ ન/ન થી ઘટીને ૧.૦૭ ન/ન થઈ ગયા છે. આ વચ્ચે ગુજરાતમાં પણ જુદા જુદા શહેરોમાં ગેસ સિલિન્ડરના ભાવ વધ્યા છે. આવો જોઈએ બીજા રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં ગેસ સિલિન્ડરના ભાવ શું છે. ગુજરાતમાં અમદાવાદમાં ઘરેલુ ગેસ સિલિન્ડરની નવી કિંમતો રુ. ૧,૧૧૦, ગાંધીનગરમાં રુ. ૧,૧૧૦.૫૦, રાજકોટમાં રુ. ૧,૧૦૮.૦૦, સુરતમાં રુ. ૧,૧૦૯.૫૦, વડોદરામાં રુ. ૧,૧૦૯.૦૦ અને સુરેન્દ્રનગરમાં રુ. ૧,૧૧૫ની કિંમત પહોંચી છે.

ઘરેલુ ગેસ સિલિન્ડરના નવા ભાવ મુજબ નવી દિલ્હીમાં રુ. ૧,૧૦૩.૦૦, કોલકાતામાં રુ. ૧,૦૭૯.૦૦, મુંબઈમાં રુ. ૧,૦૫૨.૫૦, ચેન્નાઈમાં રુ. ૧,૦૬૮.૫૦, ગુડગાંવમાં રુ. ૧,૦૬૧.૫૦, નોઈડામાં રુ.

● અનુસંધાન પાન-૭ પર

અરુણાચલમાં હાઈડ્રોપાવર પ્રોજેક્ટને ભારતની મંજૂરી

ચીન માટે એક મજબૂત પડકાર ઊભો કરવાની ક્વાયત : પ્રોજેક્ટ અરુણાચલ પ્રદેશના લોઅર દિબાંગ ખીણ જિલ્લા પાસે દિબાંગ નદી ઉપર બનાવવામાં આવી રહ્યો છે

નવી દિલ્હી, તા.૧

ભારતે અરુણાચલ પ્રદેશમાં ચીન સરહદ નજીક સૌથી મોટા હાઈડ્રોપાવર પ્રોજેક્ટને મંજૂરી આપી છે. ભારત સરકારનો આ નિર્ણય ચીન માટે એક મજબૂત પડકાર હશે.

ચીન દ્વારા ભારતમાં આવેલા અરુણાચલ પ્રદેશ તિબેટના ભાગ તેમનો હોવાનો દાવો કરી રહ્યું છે. તેની સાથે જ ચીન સરહદી વિસ્તારોમાં ભારતના વિકાસની ગતિવિધિઓનો પણ વિરોધ થઈ રહ્યો છે. એક એજન્સીના અહેવાલ અનુસાર, નેશનલ હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર કોર્પોરેશન લિમિટેડ આ પ્રોજેક્ટનો વિકાસ કરશે.

૨,૮૮૦ મેગાવોટનો દિબાંગ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ અરુણાચલ પ્રદેશના લોઅર દિબાંગ ખીણ જિલ્લા પાસે દિબાંગ નદી પર બનાવવામાં આવી રહ્યો છે. તેને રૂ. ૩૧૯ બિલિયનના અંદાજિત રોકાણ માટે મંજૂરી મળી ગઈ છે અને તેને પૂર્ણ થવામાં લગભગ નવ વર્ષ લાગશે જેટલો સમયગાળો લાગી શકે છે.

આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય દિબાંગ ખીણમાં ૨૭૮ મીટર લાંબો કોંક્રિટ ગ્રેવિટી ડેમ બાંધવાનો છે. તેમજ ૬ નંગ હોર્સ શૂ આકારની હેડ રેસ ટનલ, જે ૯ મીટર વ્યાસ સાથે ૩૦૦ મીટરથી ૬૦૦ મીટર લંબાઈની હશે.

આ પ્રોજેક્ટનો પ્રાથમિક ઉદ્દેશ પૂર નિયંત્રણ કરવા માટેનો છે. એકવાર તૈયાર થયા બાદ ૨૭૮ મીટર લાંબો આ ડેમ ભારતનો સૌથી લાંબો ડેમ હશે. અરુણાચલ પ્રદેશ સરકારને પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ ૧૩૪૬.૭૬ એમયુ અથવા પરિયોજનાના લાભમાંથી ૧૨% હિસ્સો મળશે. એક અહેવાલ મુજબ, આ સમુદાય અને સામાજિક વિકાસ યોજના પર ૨૪૧ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે, જ્યારે સ્થાનિક લોકોની સંસ્કૃતિ અને ઓળખને બચાવવા માટે ૩.૨૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

દિલ્હીમાં ૭૨ વર્ષની રેકોર્ડ ગરમી

માર્ચના પહેલા જ દિવસે હવામાનમાં પલટો આવ્યો : દિલ્હી-એનસીઆર અને તેની નજીકના યુપી, હરિયાણાના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા

નવી દિલ્હી, તા.૧

માર્ચના પહેલા જ દિવસે હવામાનમાં પલટો આવ્યો છે. હવામાન વિભાગે આગામી ૨ કલાક દરમિયાન ઉત્તર-પશ્ચિમ દિલ્હી, દક્ષિણ-પશ્ચિમ દિલ્હી અને દિલ્હી-એનસીઆરના આસપાસના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. દિલ્હીની આસપાસનું વાતાવરણ સવારે ખુશનુમા બન્યુ છે. દિલ્હી-એનસીઆરમાં મહત્તમ તાપમાન ૩૧.૨ ડિગ્રી સેલ્સિયસ રહેવાનો અંદાજ છે જ્યારે લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી સેલ્સિયસ રહેવાનો અંદાજ છે. મૌસમ વિજ્ઞાન ભવન દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી પ્રમાણે આજે દિલ્હી-એનસીઆરઅને તેની નજીકના યુપી અને

● અનુસંધાન પાન-૭ પર

ભારતમાં કાર્યરત સંસ્થાઓએ કાયદા-નિયમોનું પાલન કરવું જોઈએ : જયશંકર

બ્રિટનના વિદેશ સચીવે બીબીસીમાં આઈટી સર્વેનો મુદ્દો ઊઠાવ્યો : બીબીસીએ ભારતમાં તેની કામગીરીને અનુરૂપ તેની આવક અને નફો જાહેર કર્યો ન હોવાનું આઈટીના સર્વેમાં જાણવા મળ્યું છે : એસ જયશંકરનો ઉત્તર

નવી દિલ્હી, તા.૧

બ્રિટનના વિદેશ સચિવ જેમ્સ ક્લેવરલીએ બુધવારે તેમના ભારતીય સમકક્ષ એસ જયશંકરની

સામે બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કંપની (બીબીસી)ના કાર્યાલયો પર આવકવેરા વિભાગ (આઈટી) સર્વેક્ષણનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ દરમિયાન જયશંકરે બ્રિટિશ વિદેશ મંત્રીને સંકલિત જવાબ આપ્યો છે. બ્રિટિશ વિદેશ સચિવ જેમ્સ ક્લેવરલીએ ભારતીય વિદેશ મંત્રી એસ જયશંકર સાથેની મુલાકાત દરમિયાન બીબીસી ઓફિસોના આઈટી સર્વેનો મુદ્દો ઉઠાવ્યો હતો. જયશંકરે ક્લેવરલીને આનો ચુસ્ત જવાબ આપ્યો છે. જયશંકરે ક્લેવરલીને કહ્યું કે ભારતમાં કાર્યરત તમામ સંસ્થાઓએ કાયદા અને નિયમોનું સંપૂર્ણ પાલન કરવું જોઈએ. ક્લેવરલીએ એજન્સીને કહ્યું કે તેમણે આઈટી સર્વેનો મુદ્દો જયશંકર સાથે ઉઠાવ્યો હતો. જેમ્સ ક્લેવરલી જી-૨૦ સંમેલનમાં ભાગ લેવા માટે ભારત આવ્યા છે. ક્લેવરલી અને જયશંકરે બુધવારે સવારે દ્વિપક્ષીય બેઠક કરી હતી. જયશંકરે કહ્યું કે અમારી છેલ્લી ચર્ચાથી અમારા સંબંધોમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી. ભારતીય વિદેશ મંત્રીએ કહ્યું કે તેઓ ખાસ કરીને યંગ પ્રોફેશનલ સ્કીમની રજૂઆતની પ્રશંસા કરે છે. ઉલ્લેખનીય છે કે, ગયા મહિને આઈટી ટીમે મુંબઈ અને દિલ્હીમાં બીબીસીની ઓફિસમાં સર્ચ હાથ ધર્યું હતું. ત્રણ દિવસ સુધી ચાલેલા આ સર્વેમાં ખુલાસો થયો કે બીબીસીએ ભારતમાં તેની કામગીરીને અનુરૂપ તેની આવક અને નફો જાહેર કર્યો નથી. તપાસમાં સામે આવ્યું છે કે બીબીસી દ્વારા ટેક્સ યોગ્ય રીતે ચૂકવવામાં આવ્યો નથી. આ દરમિયાન આઈટી ટીમે કર્મચારીઓના નિવેદન લીધા હતા અને પુરાવા એકઠા કર્યા હતા.

ગ્રીસમાં ભયાનક ટ્રેન અકસ્માત : ૩૬ના મોત

હજુ વધી શકે છે મૃત્યુઆંક : અકસ્માતમાં ૮૫થી વધુ ઘાયલ : અકસ્માત મોડી રાત્રે થયો હતો, અકસ્માતનું કારણ શું છે, તે હાલ સ્પષ્ટ થયું નથી, ઘટના સ્થળે રાહત અને બચાવ કાર્ય હજુ પણ ચાલુ છે

નવી દિલ્હી, તા.૧

ગ્રીસમાં બે ટ્રેનો વચ્ચે થયેલા ભયાનક અકસ્માતમાં મૃત્યુઆંક ૨૬થી વધીને ૩૬ થઈ ગયો છે. આ અકસ્માતમાં ૮૫ લોકો ઘાયલ થયાના સમાચાર છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ઘાયલોમાં ઘણાની હાલત નાજુક છે. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે મૃત્યુઆંક હજુ વધી શકે છે. મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો અકસ્માત મોડી રાત્રે થયો હતો. અકસ્માતનું કારણ શું છે, તે હાલ સ્પષ્ટ થયું નથી. ઘટના સ્થળે રાહત અને બચાવ કાર્ય હજુ પણ ચાલુ છે.

આ ભયાનક દુર્ઘટના અંગે ગ્રીસના થેસાલી ક્ષેત્રના ગવર્નરે જણાવ્યું કે, એક પેસેન્જર ટ્રેન એથેન્સથી ઉત્તરીય શહેર થેસાલોનિકી જઈ રહી હતી, જ્યારે બીજી માલસામાન ટ્રેન થેસાલોનિકીથી લારિસા તરફ આવી રહી હતી. આ બંને ટ્રેનો લારિસા શહેરની બહાર ટકરાઈ હતી. અકસ્માત એટલો ભયાનક છે કે અકસ્માત બાદ બચાવકાર્યમાં મદદ માટે સેનાને બોલાવવામાં આવી છે, જ્યારે હોસ્પિટલોમાં ઈમરજન્સી લાગુ કરી દેવામાં આવી છે.

સોશિયલ મીડિયા પર ઘટનાની તસવીરો અને વીડિયો વાયરલ થઈ રહ્યા છે. જેમાં ટ્રેનના કોચ કેવી રીતે આગની લપેટમાં છે તે જોઈ શકાય છે. આ સિવાય કેટલાક કોચ પણ પાટા પરથી ઉતરી ગયા છે.

સેન્સેક્સમાં ૪૪૯, નિફ્ટીમાં ૧૪૭ પોઈન્ટનો ઊછાળો નોંધાયો

સ્થાનિક શેરબજારમાં છેલ્લા આઠ સત્રોનો ઘટાડો સમાપ્ત : મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ દરેક એક ટકાના વધારા સાથે બંધ થયા, અદાણી એન્ટરપ્રાઈઝ ૧૬% વધ્યો

મુંબઈ, તા.૧

સ્થાનિક શેરબજારમાં છેલ્લા આઠ સત્રોનો ઘટાડો બુધવારે સમાપ્ત થયો અને મુખ્ય બેન્ચમાર્ક સૂચકાંકો લીલા નિશાન સાથે બંધ થયા.

બીએસઈ સેન્સેક્સ ૪૪૮.૯૬ પોઈન્ટ અથવા ૦.૭૬ ટકાના વધારા સાથે ૫૯,૪૧૧.૦૮ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. એ જ રીતે, એનએસઈ નિફ્ટી ૧૪૬.૯૫ પોઈન્ટ્સ અથવા ૦.૮૫ ટકાના વધારા સાથે ૧૭,૪૫૦.૯૦ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા નિશાન સાથે બંધ થયા છે. મેટલ, પીએસયુ બેંક, ઓઈલ એન્ડ ગેસ, આઈટી, કેપિટલ ગુડ્સ, પાવર અને રિયાલિટી ઈન્ડેક્સ ૧-૨ ટકાના ઉછાળા સાથે બંધ થયા છે.

અદાણી એન્ટરપ્રાઈઝે નિફ્ટીમાં સૌથી વધુ ૧૫.૭૮ ટકાનો ઉછાળો નોંધાવ્યો હતો. એ જ રીતે હિન્દાલ્કોના શેર ૩.૬૮ ટકા, યુપીએલ ૨.૭૯ ટકા, એસબીઆઈ ૨.૫૭ ટકા, ઈન્ડસઈન્ડ બેંક ૨.૪૫ ટકાના વધારા સાથે બંધ થયા હતા.

નિફ્ટીમાં બ્રિટાનિયાનો શેર સૌથી વધુ ૧.૮૩ ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો. એ જ રીતે પાવરગ્રીડ, સિપ્લા, બીપીસીએલ અને એચડીએફસી બેંકના શેર લાલ નિશાન સાથે બંધ થયા હતા.

જોઈએ છે
એકાઉન્ટ આસીસ્ટન્ટ
બાયોડેટા સાથે રૂબરૂ મળો.
સંગીનીતા ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી.
૩૦૧, શાલીન કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર
સમય : ૧૧ થી ૨, શનિવાર, તા. ૪૩૨૦૨૩

રાહુલ ગાંધી બ્રિટનમાં નવા લુકમાં દેખાયા

પાંચ મહિના બાદ દાઢીનો ભાર હળવો કર્યો

નવી દિલ્હી, તા.૧

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી હાલમાં બ્રિટનની યાત્રા પર છે. જ્યાં તેઓ નવા લુકમાં દેખાઈ રહ્યા છે. તેમણે પોતાની દાઢીને ટ્રિમ કરાવી લીધું છે અને કોટ ટાઈમાં દેખાઈ રહ્યા છે. જેવી તેમની નવી તસ્વીર સામે આવી, જોતજોતામાં વાયરલ થઈ ગઈ. કેમ કે તેમણે ૫ મહિના કરતા પણ વધારે સમયથી પોતાની દાઢી ટ્રિમ કરાવી નથી. ભારત જોડો યાત્રા દરમિયાન રાહુલ ગાંધીની દાઢી ખૂબ ચર્ચાનો વિષય બની હતી. જ્યારે યાત્રા ખતમ થઈ, ત્યારથી લોકો પુછી રહ્યા હતા કે તેઓ પોતાની દાઢી ક્યારે કપાવશે?

હૈદ્રાબાદમાં બેડમિન્ટન રમતા યુવકનું કોર્ટ પર ઢળી જતાં મોત

રમતના મેદાનમાં હાર્ટએટેકથી મોતની વધતી ઘટના : હૈદરાબાદનો ૩૮ વર્ષીય શ્યામ યાદવ ઓફિસથી પરત આવ્યા બાદ દરરોજ બેડમિન્ટન રમવા જતો હતો

હૈદરાબાદ, તા.૧

હૈદરાબાદના સિકંદરાબાદના લાલપેટમાં બેડમિન્ટન રમતા એક વ્યક્તિનું અચાનક હાર્ટ એટેકથી મૃત્યુ થયું હતું. હૈદરાબાદનો ૩૮ વર્ષીય શ્યામ યાદવ ઓફિસથી પરત આવ્યા બાદ દરરોજ બેડમિન્ટન રમવા જતો હતો. મંગળવારે પણ તે નિયમિત રીતે બેડમિન્ટનની કોર્ટમાં પહોંચ્યો હતો. થોડીકવાર રમ્યો કે તે બેડમિન્ટન કોર્ટ પરથી ઢળી ગયો હતો અને તેનું મોત નિપજ્યુ હતું. મળતી માહિતી મુજબ, બેડમિન્ટન રમતા શ્યામને મંગળવારે સાંજે લગભગ ૭.૩૦ વાગે હાર્ટ એટેક આવ્યો અને તે બેભાન થઈ ગયો હતો. આ પછી તેના સાથીઓ તેને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ ગયા હતા. અહીં તબીબોએ શ્યામને મૃત જાહેર કર્યો હતો. બનાવને પગલે પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો.

ભાડે / વેચાણ આપવાની છે
ક્લાસીસ / ઓફીસ શોરૂમ લાયક ૧૫૩૦ ચો.ફૂટ,
પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર.
સંપર્ક : (M) 9824065056
મકાન વેચાણ આપવાનું છે
૧૩૫ ચો. વાર, સેક્ટર-૨૮, ગાંધીનગર.
આગળ ખુલ્લો કોમન પ્લોટ
સંપર્ક : (M) 9512212227